# મહાલક્ષ્મી માતાનું મંદિર



દીવમાં મકાતા માર્ગ પર સ્થિત માતા મહાલક્ષ્મીનું મંદિર જોવા મળે છે.

મહાલક્ષ્મી માતાનું મંદિર મકાતા માર્ગ ઉપર આવેલ છે. ગોળાકાર અને શિખર સાથેના આ મંદિરનું ક્ષેત્રફળ ૩૫૩૪ ચોરસ મીટર છે જે નગરશેઠ શ્રી કલ્યાણચંદ પાનચંદે બંધાવ્યું હતું. તેમના અવસાન બાદ તેમના પુત્ર શ્રી શાંતિલાલ કલ્યાણચંદ આ મંદિરની દેખરેખ રાખતા હતા.



મંદિરના મુખ્ય પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં એક વિશાળ ચોકમાં જવાય છે, જેની ફરતે સુંદર કલાકૃત સ્તંભોથી સુરક્ષિત ચાલી આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

આ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર પૂર્વ દિશા તરફ આવેલ છે જે પાર કરી અંદર પ્રવેશતાં એક વિશાળ ચોક આવે છે. મંદિરના ગર્ભગ્રહમાં પૂર્વ દિશા તરફ આરસપહાણની પીઠિકા ઉપર એક ભવ્ય કમળનું ફૂલ છે જેના ઉપર ચાર ભુજાવાળાં માતા મહાલક્ષ્મીની સુંદર પ્રતિમા પૂર્વાભિમુખ ઊભેલી મુદ્રામાં સ્થાપવામાં આવેલ છે. આ જ ગર્ભગ્રહના એક ગવાક્ષમાં શ્રી ગણપતિજીની સુંદર મૂર્તિ પણ ઉત્તરાભિમુખ બિરાજમાન છે.



આ તસવીરમાં સુંદર વસ્ત્રાલંકાર અને રત્નોથી સુશોભિત માતા મહાલક્ષ્મીના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



મંદિરના ગર્ભગ્રહમાં આરસપહાણની પીઠિકા ઉપર એક ભવ્ય કમળના ફૂલ ઉપર ઊભેલી મુદ્રામાં ચાર ભુજાવાળાં માતા મહાલક્ષ્મીના દર્શન થાય છે.



અન્નકૂટના ઉત્સવમાં માતા મહાલક્ષ્મીને અર્પિત જાતજાતના અને ભાતભાતના સ્વાદિષ્ટ વ્યંજનો તે આ તસવીરમાં જોવા મળે છે. મંદિરના ગર્ભગ્રહના એક ગવાક્ષમાં શ્રી ગણપતિજીની સુંદર પ્રતિમા પણ ઉત્તરાભિમુખ બિરાજમાન છે.

નવરાત્રિ પ્રસંગે આ મંદિરમાં સારા પ્રમાણમાં ભક્તો માતાજીના ગરબા રમવા એકઠા થાય છે તેમજ શરદ પૂનમે અહીં ડાંડિયારાસ અને ગરબાના કાર્યક્રમો પણ રાખવામાં આવે છે. આ પાવન તહેવાર પર મહિલાઓ દેવીના પ્રતીકરૂપ દીવો પ્રજવલિત કરી તેની ફરતે ગરબા રમે છે જે એક ભવ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. માતાજીના ગરબા ગાનાર ગવૈયાઓ અમુક ખાસ ગરબા ગાય છે અને બીજા ભક્તો તેમાં સાદ પુરાવે છે.



આ તસવીરમાં માતા મહાલક્ષ્મીના મંદિરના ચોકમાં મહિલાઓ એક સરખા પોશાક અને શણગાર સજી શરદ પૂનમે ગરબાની રમઝટ બોલાવતી જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

શ્રી શાંતિલાલ કલ્યાણચંદનું ખાનગી માલિકીનું આ અતિ સુંદર અને ભવ્ય મંદિર જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લું રાખવામાં આવે છે. આ મંદિરમાં ભક્તોને દર્શને આવવા જવા માટે મોકળી જગ્યા છે. મંદિરની બાજુમાં પૂજારીનું રહેણાંક આવેલ છે જેમાં ચાર ઓરડાઓ છે. મંદિરના પૂજારી શ્રી કૃષ્ણકાંત ગિરજાશંકર ત્રિવેદી હતા. બાદમાં તેમના વંશજો પૂજા કરતા હતા. હાલમાં શ્રી રાજેન્દ્ર રામશંકર જોશી આ મંદિરમાં સેવા આપી રહ્યા છે.

આ મંદિરનો મહિમા સવિષેશ છે.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

આ લેખના ગુજરાતી ભાશાકીય સુધારો કરી આપવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમાન વિજય કુમળદાસનો ખૂબ ખૂબ આભારી છું.